રજુ તારીખ:૦૮-૦૧-૨૦૨૬

દાખલ તારીખ:૦૮-૦૧-૨૦૨૬

ફેસલ તારીખ:૦૧-૦૪-૨૦૨૬

સમયગાળો:૦૦વર્ષ ૦૨ માસ ૨૪ દિવસ

મે.લીમખેડાના એડીશનલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

મુ.લીમખેડા.

ક્રિ.કે.નં.:- ૪૫/૨૦૨૬

આંક-

**<u>ફરીયાદી:</u>** શ્રી સરકાર

વિરુધ્ધ.

<u>આરોપી:</u>- ૧. જાવેદ અસ્લમ શેખ

રહે.કસ્બા,જુના વણકરવાસ,તા.જી.દાહોદ

ગુનો:- બી.એન.એસની કલમ ૨૮૧, ૧૦૫ તથા એમ.બી.એકટ ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબ.

-:: હુકમ::-

૧) આ કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસની કલમ ૨૮૧, ૧૦૫ તથા એમ.બી.એકટ ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબ ના ગુના અન્વયે નું હાલનું ચાર્જસીટ રજુ થવા પામેલ છે.

૨) આ કામના આરોપી ૧. જાવેદ અસ્લમ શેખ, નામદાર એડી.સેશન્સ કોર્ટ ક્રિ.પ્ર.અ.નં.૭૨/૨૦૨૫, ના હુકમ મુજબ જામીન મુકત થયેલ હોય ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જસીટ રજુ થતા આરોપી ને સમન્સ કાઢવામાં આવેલ હોય જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર થતાં ભારતનીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૨૩૧ મુજબ કેસ પેપર્સની નકલો આરોપી ને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપી ની પ્લી લેવામાં આવેલ છે. જેમાં તેઓ ને કેસ પેપર્સ મળી ગયેલ

હોવાનું તથા તેઓના બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે. વધુ માં તે બાબતે તેઓ એ પુરશીસ પણ રજુ રાખેલ છે.

૩) આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમતની હકીકત તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસની ઇન્સાફી કાર્યવાહી કબવાની સત્તા અત્રેની અદાલતને ન હોય સદર કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૨ અન્વયે સેશન્સ કમીટ કરવો યોગ્ય જણાતો હોય કેસ સેશન્સ કામીટ કરતો નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

આ કામના આરોપી ૧. જાવેદ અસ્લમ શેખ  રહે.કસ્બા,જુના વણકરવાસ, તા.જી.દાહોદ નાઓની સામેનો કેસ  ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૨ અન્વયે સેશન્સ કમીટ કરવામાં આવે છે.

સદરહું કેસનું તમામ રેકર્ડ, મુદ્દામાલ વિગેરે નામ.એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, લીમખેડા સમક્ષ મોકલી આપવું.

સદર કેસ કમીટ થયાની જીલ્લા સરકારી વકીલશ્રી ને જાણ કરવી.

આ કામના આરોપી એ નામ. એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, લીમખેડા સમક્ષ તા. ૨૯/૦૪ /૨૦૨૬ ના રોજ હાજર રહેવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:- ૦૧-૦૪-૨૦૨૬

લીમખેડા

( એમ.યુ.કુરમાની )
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રટ, લીમખેડા
(કોડ નં.જી.જે.૦૧૦૧૨)